GYANBODH
An International Multidisciplinary Peer Reviewed Journal
ISSN:3048-9792
Volume: 3
Issue: 3
May - June: 2026

# ભ્રષ્ટાચારને નાથવાના ઉપાયો

શોધાર્થીનું નામ: ધર્મેન્દ્રકુમાર જશવંતસિંહ ચાવડા
સંસ્કૃત વિભાગ
શ્રી ગોવિંદગુરુ યુનિવર્સિટી,ગોધરા.

**પ્રસ્તાવના**

ॐ भ्रष्टमदः भ्रष्टमिदं, भ्रष्टाद् भ्रष्टमुदच्यते ।
भ्रष्टस्य भ्रष्टमादाय, भ्रष्टमेवावशिष्यते ॥[1]

'भ्रष्टायनम्' સર્ગ–1, શ્લોક–5

અર્થાત (આ શ્લોક ઉપનિષદોમાં પ્રાપ્ત " ॐ पूर्णमदः पूर्णमिदं...!" મંત્રનો આધાર લઈને લખાયો છે.) સચ્ચિદાનંદ પરબ્રહ્મપદ્મત આ ભ્રષ્ટ શબ્દ (શાશ્વત) છે. આ સમગ્ર દેખાતું જગત ભ્રષ્ટ છે કારણ કે ભ્રષ્ટથી જ ભ્રષ્ટ ઉત્પન્ન થાય છે. અર્થાત આજે આ ભ્રષ્ટ તત્વ સર્વોપરી બની સમગ્ર જગતમાં વ્યાપ્ત છે. આ ભ્રષ્ટ તત્વમાંથી ભ્રષ્ટાંશ કાઢી લેવામાં આવે તો પણ આમાં ઓછું નહીં થાય એ પોતાનામાં અનુસ્વાર અને શાશ્વત બની રહે છે.આજના આધુનિક યુગમાં ભ્રષ્ટાચાર સર્વોપરી છે,માનવ જીવનના તમામ પાસાઓને સ્પર્શી ચુક્યો છે જો ભ્રષ્ટાચાર રૂપી દાનવને નાથવામાં નહિ આવેતો માનવી અને માનવતા બન્નેને ભરખી જશે,સંપૂર્ણ ભ્રષ્ટાચારને નાબુદ કરવાની વિચાર ખયાલી પુલાવ કહી શકાય પરંતુ તેના પર અંકુશ ચોકસ્સ લાવી સકાય, ભ્રષ્ટાચારને નાથવાના અસરકારક ઉપાયો નીચે મુજબ છે.

(૧) નૈતિક મુલ્યોની ખીલવણી

માનવતાના પાયામાં મૂલ્યો રહેલા છે શાળા અને કોલેજોના શિક્ષણમાં મૂલ્યોને પ્રાધાન્ય આપવામાં આવે તો બાળક નાનપણથી જ મૂલ્ય આધારિત જીવન જીવતું થાય અને પાયાથી જ ભ્રષ્ટાચારને ઓળખી તેનાથી દૂર રહેવાનો પ્રયત્ન કરે, શિક્ષણમાં આદર્શ મૂલ્યવાદી ચરિત્રોના દર્શન,

સમાજમાં આદર્શ મૂલ્યવાદી જીવન બતાવવામાં આવે, નૈતિકતા,પ્રમાણિકતા અને દેશભક્તિ જેવા વિષયોને પ્રાધાન્ય આપવું જોઈએ.

(૨) શિક્ષણ

ભ્રષ્ટાચારને નાથવામાં પ્રબળ પરિબળ શિક્ષણ છે,શિક્ષણમાં ભ્રષ્ટાચારનું સ્વરૂપ,તેની અસરો, તેનાથી દેશને થતા નુકસાન અંગે માહિતગાર કરવામાં આવે તો ભ્રષ્ટાચારને કાબુમાં લઈ શકાય છે.

(૩) કાયદાનું કડક પાલન અને ઝડપી ન્યાય

ભ્રષ્ટાચારના કેસો વર્ષો સુધી ચલાવવાને બદલે ઝડપથી નિકાલ કરવામાં આવે,ગુનેગારોને ઝડપથી સજા કરવામાં આવે,લાંચ લેનાર અને લાચ આપનાર બંને માટે કડક સજા અને દંડની જોગવાઈ હોવી જોઈએ.

(૪) પારદર્શિતા અને જવાબદારી

કર્મચારીઓની પ્રવૃત્તિઓ પર નજર રાખવા માટે સરકારી કચેરીઓમાં જ્યાં જ્યાં લોકોની અવરજવર હોય ત્યાં ત્યાં CCTV કેમેરા રાખી શકાય,સરકારી યોજનાઓ અને ખર્ચની સાચી માહિતી મેળવવા માટે નાગરિકોએ RTE નો ઉપયોગ વ્યાપક પ્રમાણમાં  કરવો જોઈએ.

(૫) ડિજિટલાઈઝેશન અને ટેકનોલોજીનો ઉપયોગ

સરકારી યોજનાઓમાં DBT (ડાયરેક બેનિફિટ ટ્રાન્સફર)નો ઉપયોગ કરવામાં આવે તો વચેટીયાઓ ભ્રષ્ટાચાર ન કરી શકે, સરકારી કામકાજ જેવા કે દાખલા કઢાવવા,ટેક્સ ભરવા કે લાયસન્સ મેળવવાની પ્રક્રિયા ઓનલાઈન થવી જોઈએ,સરકારી વ્યવહારોમાં કેસ–લેસ વ્યવસ્થા કરવામાં આવે તો લાંચ લેવાની તકો નહિવત થઈ જાય છે.

(૬) ચુંટણી પ્રક્રિયામાં સુધાર

લોકશાહી દેશની ચૂંટણી પ્રક્રિયા નિષ્પક્ષ હોવી જોઈએ માટે ચૂંટણીમાં નાણાના ઉપયોગ પર સંપૂર્ણ પ્રતિબંધ મૂકવો જોઈએ,ભ્રષ્ટાચાર નો મોટો ભાગ રાજકારણમાં જોવા મળે છે તેથી રાજકીય પક્ષોને મળતા ફંડિંગમાં સંપૂર્ણ પારદર્શિતા હોવી જરૂરી છે.

ISSN:3048-9792
Volume: 3
Issue: 3
May - June: 2026

(૭) નાગરિકોની સક્રિયતા

માણસ ભ્રષ્ટાચાર વિરોધે જાતે જ અવાજ ઉઠાવતો થાય,પોતાનું કામ ઝડપથી કરવા માટે નાગરિકોએ સામેથી લાંચ આપવાનું બંધ કરવું જોઈએ,જો કોઈ સરકારી કર્મચારી સામેથી લાંચ માંગે તો એન્ટીકરપ્શન બ્યુરો (ACB) કે સંબંધિત અધિકારીને તાત્કાલિક ફરિયાદ કરવી જોઈએ,આમ નાગરિક પોતે સક્રિય રહીને ભ્રષ્ટાચાર નો વિરોધ કરે તો ચોક્કસથી તેને અંકુશમાં લાવી શકાય.

ઉપસંહાર

ભ્રષ્ટાચાર મુક્ત ભારત ત્યારે જ શક્ય બનશે જ્યારે ભારતનો દરેક નાગરિક પોતે ભ્રષ્ટાચારનો વિરોધ કરશે,લાંચ હું આપુ નહીં અને લાંચ લવ પણ નહીં એવું નિર્ણય કરવો જોઈએ,જીવનમાં નૈતિકતા, પ્રામાણિકતા,આદર્શવાદ જેવા મૂલ્યો અપનાવવામાં આવે તો ચોક્કસ ભ્રષ્ટાચારને નાથી શકાય છે

## સંદર્ભગ્રંથ સૂચિ

1. भ्रष्टायनम्

 લે. ડૉ. શિવસાગર ત્રિપાઠી

પ્રકાશક: દેવનાગર પ્રકાશન જયપુર, અદ્યતન આવૃત્તિ – ૨૦૧૨

2. भ्रष्टाचारसप्तशती

 લે. ડૉ. શિવસાગર ત્રિપાઠી

પ્રકાશનઃ જગદીશ સંસ્કૃત પુસ્તકાલય, જયપુર

આવૃત્તિઃ પુનઃ મુદ્રણ–2010